## ભવન દેસાઈ એમ.એસ. થયા



મૂળ જૂનાગઢના અમદાવાદ સ્થિત શ્રીમતી ભાવનાબેન અને યોગેશ કિશોરભાઈ દેસાઈના પુત્ર ભવન દેસાઈ અમેરીકાની કેલીફોર્નિયા સ્ટેટ યુનિવર્સિટીમાંથી મેરીટ સાથે એમ.એસ. (કોમ્યુનિકેશન) ની પદવી મેળવી શિકાગો સ્થિત નોકીયા-સીમેન્સ કંપનીમાં એન્જીનીયર તરીકે જોડાયા.

## પી. એચડી.ની પદવી મેળવતા પૈરવ મહેતા



નાગર બંધુ ના આદ્યસ્થાપક પૂ. સોમાલાલ મહેતાના પ્રપૌત્ર તથા અખિલ ભારતીય નાગર પરિષદના પૂર્વ પ્રમુખશ્રી કાન્તીલાલ મહેતાના પૌત્ર અને મહેસાણા શહેરના જાણીતા એડવોકેટ શ્રી કાર્તિકભાઈ મહેતાના પુત્ર ડો. પૈરવ મહેતા કે જેઓ હાલ પ્રમુખ સ્વામી સાયન્સ કોલેજ કડી ખાતે પ્રાધ્યાપક તરીકે ફરજ નિભાવી રહયા છે,તેમણે "ફાયટોસોસીયોલોજીકલ સ્ટડી ઓફ પોશીના ફોરેસ્ટ રેન્જ ઓફ સાબરકાંઠા ડીસ્ટ્રીકટ,નોર્થ ગુજરાત "વિષય પર મહાશોધ નિબંધ એમ.જી. સાયન્સ ઈન્સ્ટીટયુટ અમદાવાદના પ્રિન્સીપાલ ડો. બી.કે.જૈનના માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યો હતો,જેને હેમચંદ્રાચાર્ય ઉતર ગુજરાત યુનિવર્સિટીએ માન્ય રાખી ડો. પૈરવ મહેતાને પી.એચ.ડી. ની પદવી આપેલ છે.

## બ્લેકબેલ્ટ કરાટે કીડ રત્નદીપ વસાવડા



વાપી નિવાસી શ્રી ધમેન્દ્ર ભાસ્કરરાય વસાવડા અને શ્રીમતી યજ્ઞા વસાવડાના પુત્ર ચિ. રત્નદીપ વસાવડાએ માત્ર ૧૨ વર્ષની વયે પાંચ વર્ષની સખત મહેનત, તાલિમ અને અભ્યાસના ફલસ્વરૂપે તાજેતરમાં લેવાયેલ આંતરરાષ્ટ્રીય કક્ષાની કરાટેની પરીક્ષામાં સફળતા મેળવી બ્લેક બેલ્ટની પ્રથમ ડીગ્રી મેળવી. 'કરાટે કીડ રત્નદીપ' ને અભિનંદન-શુભકામના

## ધૌમ્ય અંજારીયાની સિદ્ધિ



રાજકોટના શ્રી ચૈતન્ય અંજારીયાના પુત્ર ધૌમ્ય અંજારીયાએ માત્ર દસ વર્ષની વયે માઈક્રોસોફટ કંપની દ્વારા પ્રાયોજિત ત્રિમાસિક કોર્ષ માઈક્રોસોફટ ૨૦૦૭ પૂર્ણ કરી ત્યારબાદ લેવાયેલ કોમ્પ્યુટર ટેસ્ટમાં ૧૦૦૦માંથી ૯૬૭ ગુણ મેળવી પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ. ચિ. ધૌમ્ય આ સફળતા મેળવનાર પ્રથમ ગુજરાતી છે. જ્વલંત સફળ તા બદલ અભિનંદન.

## નિશ્ચલ બુચ સન્માનિત કરાયા

અમદાવાદ ખાતે ટાટા એઆઈજી ઈન્સ્યોરન્સ કંપનીમાં સમગ્ર ગુજરાતના કલસ્ટર હેડ તરીકે ફરજ બજાવતા રાજકોટના નિશ્ચલ રૂદ્રેશભાઈ બુચ સમગ્ર ભારતમાં રીન્યુઅલ પ્રિમીયમ કલેકશનમાં પ્રથમ સ્થાન મેળવતાં મુંબઈની તાજ હોટેલ ખાતે યોજાયેલ સમારંભમાં ઈન્ટરનેશનલ હેડના હસ્તે એવોર્ડ આપી બહુમાનિત કરવામાં આવ્યા. આ ઉપરાંત તેઓએ ટાઈટેનીક એવોર્ડ પણ મેળવ્યો.

નાની વયે મોટી સિદ્ધિ કહી શકાય તેવી સફળતા બદલ ભાઈ નિશ્ચલને અભિનંદન-શુભકામના.

# ગુજરાત માસ્ટર્સ એથ્લેટિકસમાં જ્ઞાતિના સિનિયર સીટીઝન્સ ઝળક્યા



**શ્રી સતિષ નિરંજનરાય વોરા :** વડોદરા ખાતે તા. ૫ અને ૬ નવે.ના રોજ ૩૧ મી ગુજરાત માસ્ટર્સ એથ્લેટિક્સ સ્પર્ધાનું રીલાયન્સ સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે આયોજન થઈ ગયું. જેમાં સમગ્ર ગુજરાતના દરેક જીલ્લાઓમાંથી ૩૭૫ જેટલા રમતવીરોએ ભાગ લીધેલ. જેમાં જ્ઞાતિના વર્ષોથી હાટકેશ વ્યાયામ સંઘની તાલીમને ઉજાળનાર અજેય રમતવીર શ્રી સતિષ નિરંજનરાય વોરાએ ૭૫ વર્ષથી ઉપરના વયજૂથમાં ભાગ લઈ શોટપુટ (ગોળા ફેંક) અને હેમર થ્રો (હથોડા ફેંક)માં પ્રથમ સ્થાન મેળવી બે ગોલ્ડ અને ડીસ્ક થ્રોમાં દ્વિતીય આવી એક સિલ્વર મેડલ મેળવી ૭૫ વર્ષના 'યુવાને' જ્ઞાતિને ગૌરવ બક્ષ્યું છે. તેઓ ફેબ્રુઆરીમાં બેંગલોર ખાતે યોજાનાર નેશનલ માસ્ટર્સ એથ્લેટિક્સ સ્પર્ધામાં ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે.

શ્રી સતિષ વોરાને એથ્લેટિકસમાં લાંબા સમયના યોગદાન બદલ ગુજરાત માસ્ટર્સ એથ્લેટિકસ ફેડરેશન તરફથી લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. ઉપરાંત સંસ્થાના માનદ્ વર્કીંગ લાઈફ પ્રેસિડન્ટ તરીકે નિયુક્ત કરવામાં આવેલ છે. તેઓના રમતગમત ક્ષેત્રમાં અનન્ય પ્રદાન બદલ ટૂંક સમય પહેલાં પ્રસિધ્ધ થયેલ 'ગુજરાતના નાગર રત્નો' નામક પુસ્તકમાં સ્થાન મળેલ છે.



પોરબંદરના **શ્રી રમેશભાઈ ઝાલાએ** આજના યુવાનોને શરમાવે તેવી તંદુરસ્તી અને સ્ફૂર્તિ સાથે ૮૨ વર્ષની વયે તાજેતરમાં વડોદરા ખાતે યોજાયેલ માસ્ટર એથ્લેટીક ચેમ્પીયનશીપમાં લાંબાકૂદકામાં રાજ્યકક્ષાએ પ્રથમ સ્થાન મેળવી ગોલ્ડ મેડલ મેળવી પોરબંદર જીલ્લા તથા જ્ઞાતિને ગૌરવ બક્ષેલ છે. આ ઉપરાંત ૧૦૦ મીટર અને ૨૦૦ મીટર દોડમાં દ્વિતીય સ્થાન મેળવી રૌપ્યચંદ્રક હાંસલ કર્યો. આ તમામ હરિફાઈમાં ઉત્કૃષ્ટ દેખાવ બદલ તેઓને ગોલ્ડમેડલ તથા સર્ટીફીકેટ એનાયત કરાયા હતાં. મુ. રમેશભાઈ આ જૈફ વયે શ્રી રમેશભાઈ ઓઝાના સાંદિપની આશ્રમ અને રામકૃષ્ણ મિશન તેમજ શહેરની વિવિધ સેવા પ્રવૃત્તિ સાથે સંકળાયેલા છે, ઈતિહાસ સહીત અનેક વિષયના પુસ્તકોના વાંચનનો શોખ ધરાવે છે. તેઓએ તનાવરહીત રહી, ઓછું જમવાનું અને નિયમિતતાને પોતાના તંદુરસ્ત જીવનનું રહસ્ય જણાવેલ.

મનથી યુવાન એવા રમતવીરો પાસેથી યુવાનોએ શીખ લેવા જેવી ખરી ! સૌને અભિવંદન.

## ગુજરાત માસ્ટર્સ એથ્લેટિકસમાં જ્ઞાતિ મહિલાઓ પણ અગ્રેસર



વડોદરા ખાતે તા. ૫ અને ૬ નવે.ના રોજ ૩૧ મી ગુજરાત માસ્ટર્સ એથ્લેટિકસ સ્પર્ધાનું રીલાયન્સ સ્પોર્ટસ કોમ્પેક્ષ ખાતે આયોજન થઈ ગયું. જેમાં અમદાવાદ સ્થિત સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયામાં સિનિયર આસી. તરીકે ફરજ બજાવતાં મીતા રાજુલ વસાવડાએ ૪૦૦ અને ૨૦૦ મીટર દોડમાં વિજેતા બની બે ગોલ્ડ મેડલ મેળવ્યા. આ ઉપરાંત ૫ કિ.મી. ફાસ્ટ વોકમાં વિજેતા બની સિલ્વર મેડલ મેળવ્યો. તેઓ હવે તા. ૨૩ થી ૨૬ ફેબ્રુઆરી દરમ્યાન બેંગ્લોર ખાતે રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેવા જશે.

આ જ સ્પર્ધામાં અમદાવાદનાં ગૃહિણી શ્રીમતી જીજ્ઞાષા સંદીપ વસાવડા શોટપૂટ તથા ડીસ્ક થ્રોમાં ગોલ્ડ તથા ૨૦૦ મીટર દોડમાં સિલ્વર મેડલ મેળવતાં તા. ૨૩ થી ૨૬ ફેબ્રુઆરી દરમ્યાન બેંગ્લોર ખાતે રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેવા જશે. એક જ કુટુંબની (નણંદ-ભોજાઇ) બે મહિલા રમતવીરોને અભિનંદન.

## સ્પંદન કલાવૃંદ દ્વારા 'જય જય ગરવી ગુજરાત'



વડોદરાના શ્રીમતી હેતલ ધીમંત માંકડ સંચાલિત સ્પંદન કલાવૃંદે વડોદરા ખાતે તા. ૧૦ સપ્ટેમ્બરના રોજ સી. સી. મહેતા ઓડીટોરીયમ ખાતે 'જય જય ગરવી ગુજરાત' રજૂ કર્યો. જેમાં ગુજરાતના પ્રાચીન ભવાઈ થકી વિવિધ લોકનૃત્યો ગરબા, તાળી મંજીરા, ટીપ્પણી, બેડા રાસ દાંડીયા રાસ ઉપરાંત નાના ભૂલકાંઓ દ્વારા અભિનય સાથે બાળગીત રજૂ કરેલ. આ કાર્યક્રમ ભૂતપુર્વ મેયરશ્રી તથા અન્ય મહાનુભાવો ની ઉપસ્થિતિમાં યોજાયેલ. ઉપરાંત જ્ઞાતિને ગૌરવ બક્ષનાર ગાયિકા ભૂમિ ત્રિવેદી પણ વિશેષ ઉપસ્થિત રહેલ. શ્રી ધૈવત જોષીપુરાએ રસિક શૈલીમાં સંચાલન કરી કાર્યક્રમને જીવંત બનાવ્યો હતો.

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૨૧ સપ્ટેમ્બરના રોજ શહેર સ્તરનો નવરાત્રિ ગરબા મહોત્સવ યોજાય ગયો. જેમાં અર્વાચીન વિભાગમાં 'સ્પંદન કલાવૃંદ' પ્રથમ વિજેતા બનેલ તથા ૩ ઓકટોબરના રોજ વાયબ્રન્ટ ગુજરાત મહોત્સવમાં રાજ્ય કક્ષાએ યોજાયેલ રાસ ગરબા સ્પર્ધામાં અર્વાચીન વિભાગમાં દ્વિતીય વિજેતા જાહેર થયેલ.

ઉપરોકત કાર્યક્રમમાં ભાગ લેનાર કલાકારોમાં પ્રાપ્તિ દેસાઈ, ફોરમ બુચ, રાજવી અવાશિયા, જૈત્રી માંકડ, ત્રિષા બક્ષી, આરતી ધોળકિયા, દ્રષ્ટિ આચાર્ય, ઝલક કચ્છી, ચૌલા દેસાઈ, દર્શિતા જોષીપુરા,ગ્રીષ્મા શુકલ, હેત્વી વૈદ્ય, ધરા અંતાણી, પૃથા મંકોડી, ચાંદની-અવની રાવલ,ભારવી વસાવડા, માન્યા દેસાઈ, પ્રિયાક્ષી દેસાઈ,સ્તૃહા-સૌમ્યા તથા સ્પર્શ ધોળકિયા, શકુન્ત જોષીપુરા અને લય માંકડનો સમાવેશ થાય છે.

## યુવક મહોત્સવમાં રાષ્ટ્રીય કક્ષાએ કુ. ધ્વનિ વછરાજાની



ઉદેપુર ખાતે તાજેતરમાં યોજાયેલ યુનિવર્સિટીના યુવક મહોત્સવમાં પશ્ચિમ ભારત કક્ષાએ શાસ્ત્રીય ગાયન સ્પર્ધામાં કુ. ધ્વનિ વિભાકર વછરાજાનીએ બીજો ક્રમાંક મેળવતાં રાષ્ટ્રીક કક્ષાએ પસંદગી પામતાં નાગપુર ખાતે પોતાની કલા રજૂ કરશે.

સૌરાષ્ટ્ર યુનિ.ના અંગ્રેજી ભવનના વિદ્યાર્થીની કુ. ધ્વનિ આ અગાઉ પણ સુગમ સંગીતમાં રાજ્ય કક્ષાએ પ્રથમ સ્થાન મેળવી રાષ્ટ્રીય કક્ષાએ અનેકવાર રાજકોટનું પ્રતિનિધિત્વ કરેલ છે. આજે ૨૦ વર્ષની વયે તેણી ૧૭ વર્ષથી સંગીત સાધના કરી રહેલ છે. અત્રે નોંધપાત્ર છે કે બેન ધ્વનિની સંગીતકલાના વિકાસમાં માતા શ્રીમતી કલ્યાણીબેન કે જેઓ પણ સંગીત વિશારદ અને સંગીત અલંકાર છે તેમની પ્રેરણા અને અનન્ય યોગદાન છે.

'કોલાવેરી'જેવાં ગીત સંગીતના અતિરેકમાં ભૂંસાતા જતા શાસ્ત્રીય-સુગમસંગીતની સરગમનું જતન કરવા બદલ અભિનંદન... વિકાસકૂચ જારી રાખો તેવી શુભેચ્છા.

---

નોંધ : અગત્યતા મુજબ, વહેલા તે પહેલાના ધોરણે અને જગ્યા મુજબ મોડામાં મોડા ૧૦ તારીખ સુધીમાં મળેલ સમાચારો પ્રસિધ્ધ કરવામાં આવે છે.પ્રતિનિધીઓના દ્વારા અને પત્રના સમાચારોને અગત્યતા આપવામાં આવે છે. ઈ-મેઈલના સમાચારો સંકલનના સમયના અભાવે કયારેક રહી જવાની શકયતા રહે છે. આમ બનેલ હોય તો યાદી પાઠવી શકો છો. -તંત્રી

## હોમગાર્ડના હામી રમેશભાઈ અંતાણીની વિદાય



ભુજના પ્રથમ ફાયર ફાઈટર અધિકારી તરીકે અને રકતદાન પ્રવૃતિમાં હમેંશા અગ્રેસર રહેનાર જ્ઞાતિના અગ્રણી રમેશભાઈ હિમંતલાલ અંતાણી (બાબુભાઈ) નું ૭૫ વર્ષની વયે તાજેતરમાં તા. ૧૨-૧૧-૧૧ દેહાવસાન થયું.

તેઓ સને ૧૯૬૩થી હોમગાર્ડ સાથે જોડાયેલા અને કંપની કમાન્ડરના હોદા સુધી પહોંચી ૩૩ વર્ષ સુધી નિષ્ઠાવાન સેવા આપી હતી. તેઓ બેઝીક ટ્રેનીગ, આર્મ્સ ટ્રેનીંગ ,.૨૨.૪૫,૩૦૩ ફાયરીંગ પ્રેકટીસ સાથે ૪૧૦ રીવોલ્વર ફાયરીંગના પણ તાલીમબધ્ધ અભ્યાસુ હતા. જીલ્લા કક્ષાની વિવિધ તાલીમ શિબિરમાં તાલીમ મેળવી ઓફિસ કમાન્ડીંગ ભુજ તરીકે પણ ફરજ બજાવી હતી. સિવિલ ડીફેન્સની ૧૨ સેવાઓમાં અગત્યની ફાયર ફાઈટીંગ તેમજ રેસ્કયુ તાલીમમાં પણ તેઓએ નિપુણતા મેળવી હતી. ભુજ નગરપાલિકામાં ૧૯૬૬ ડિસેમ્બરમાં સૌપ્રથમવાર ફાયર ફાઈટીંગ વાહન આવ્યું ત્યારે હોમગાર્ડઝના અધિકારી અને ભુજ નગરપાલિકાના કર્મચારી બાબુભાઈ એ ફાયર ફાઈટીંગના તાલીમબધ્ધ અધિકારી હોવાને નાતે ફાયર ફાઈટીંગનો ચાર્જ સંભાળ્યો હતો.

૧૯૬૫ અને ૧૯૭૧ ના યુધ્ધ દરીમયાન હોમગાર્ડસ સંસ્થામાં પ્રશંસનીય ફરજો બદલ ભારત સરકાર તરફથી સમર સેવા સ્ટાર તથા પશ્ચિમી સ્ટાર સાથે સન્માનિત કરવામા આવ્યા હતા. આ ઉપરાંત તેઓ રીવોલ્વર મેડલ મેળવવા માટે ભાગ્યશાળી બન્યા હતા.

ભુજમાં સૌ પ્રથમ રકતદાન ની પ્રવૃતિ કરતી હોમગાર્ડસ સંસ્થામાં સભ્ય તરીકે અનેકની જીંદગી બચાવનાર બાબુભાઈએ ૮૮ વાર રકતદાન કરી અનેક માનવોની જીંદગી બચાવી હતી. જે બદલ તેઓને રાજય સરકાર તરફથી ગોલ્ડ મેડલ પણ એનાયત કરવામાં આવ્યો હતો. રમેશભાઈ અંતાણી (બાબુભાઈ) નગરપાલિકાના કર્મચારી જ માત્ર ન હતા પરંતુ હમીરસર તળાવની આવ માટે જે "પાટીયા" શબ્દ વાપરીએ છીએ તેના તેઓ જે તે સમયે એકમાત્ર જાણકાર હતા. આ અંગે સ્વ. કંચનપ્રસાદભાઈ કે. છાંયાએ પોતાના પુસ્તકમાં સગર્વ ઉલ્લેખ કર્યો છે.

હોમગાર્ડસ ,રકતદાન જેવી અનેક વિધ પ્રવૃતિને સમર્પિત જીંદાદીલ અને હસમુખા સ્વભાવના રમેશભાઈના નિધનથી જ્ઞાતિ સમાજે નિષ્ઠાવાન સપૂત ગુમાવ્યો છે . સમસ્ત જ્ઞાતિવતી શ્રધ્ધાસુમન.

## શ્રી હરકાન્તભાઈ દેસાઈ સન્માનિત થયા



ગ્લોબલ એચીવર્સ ફાઉન્ડેશન, નવી દિલ્હીના ઉપક્રમે તા. ૪-૧૧-૨૦૧૧ ના રોજ નવી દિલ્હી મુકામે યોજાયેલ રાષ્ટ્રીય સેમીનાર દરમ્યાન દેશના સામાજીક અને આર્થિક ઉત્થાન માટે વ્યકિતગત પ્રદાન કરનાર દેશના જુદા જુદા રાજયોમાંથી પસંદ કરેલ ૧૨૧ વ્યકિતઓનું જે સન્માન કરવામાં આવેલ તે પૈકી ભાવનગર ગ્રાહક સુરક્ષા મંડળ, સરદાર સ્મૃતિ ભાવનગર મારફત ગ્રાહક સુરક્ષા ક્ષેત્રે યોગદાન આપનાર માનદમંત્રી શ્રી હરકાન્તરાય દિનકરરાય દેસાઈનું સ્મૃતિ ચિન્હ અને પ્રમાણપત્ર એનાયત કરી નવી દિલ્હી ખાતે આ સેમિનાર દરમ્યાન બહુમાન કરવામાં આવ્યું. ઉલ્લેખનીય છે કે આજે ૯૦ વર્ષની વયે તેઓ અનેક સામાજીક જ્ઞાતિ સંસ્થાઓ સાથે સંકળ ાયેલા રહી સતત કાર્યરત રહેલ છે. આજીવન સેવારત મુ. હરકાન્ભાઈને અભિવંદન.

## મા. ઉછરંગબાળાબેન યશવંતરાય મારૂનો શતમ્ વર્ષ પ્રવેશ

રાજકોટના જાગનાથ પ્લોટ, શેરી નં. ૧ના ગુલાબ નિવાસ તથા ગંગા નિવાસની ઓળખના પર્યાય રૂપ તથા સ્વામી શ્રી રામકૃષ્ણ પરમહંસના પરમ આસકત એવા 'મારૂ કુટુંબ'થી ભાગ્યેજ કોઈ અપરિચીત હશે. એ કુટુંબના અત્યારના મોભી સમાન પૂ. મા. ઉછરંગબાળાબેન (પૂ. બાઇ) યશવંતરાય મારૂએ દેવ દિવાળી-તા. ૬/૧૧/૧૧-ના રોજ ૯૯ યશસ્વી વર્ષ પૂર્ણ કરી ૧૦૦મા વર્ષમાં પ્રવેશ કર્યો.હાલ વડોદરા સ્થિત મા. ઉછરંગબાળાબેન કુટુંબ વાત્સલ્ય સ્વભાવ, ચોકસાઈ-ચીવટ, મનોબળ અને જીન્દાદિલી થકી કુટુંબ અને સમાજમાં ઘણા આદરપાત્ર સ્થાને રહયાં છે. તેમના આ શતમ વર્ષ પ્રવેશ નિમિત્તે વડોદરા ખાતે તેઓનાં પુત્રી સૌ. પૂર્ણાબેન અને સુધાકરભાઈ દેસાઈ તથા સમગ્ર પરિવારજનો, શુભેચ્છકોએ સ્નેહમિલનનું આયોજન કરેલ. જેમાં સ્થાનિક ઉપરાંત રાજકોટ, અમદાવાદ, સુરત વગેરે સ્થળેથી આવેલા બહોળા પરિજનોની ઉલ્લાસભેર ઉપસ્થિતિ જ તેમના પ્રત્યેના પ્રેમ-લાગણી તથા અહોભાવના પ્રતિક સમાન છે. ઉપરાંત મુ. પ્રફુલ્લભાઈ, ઘનશ્યામભાઈ, અતુલભાઈ મારૂ તથા સુધાકરભાઈ -પૂર્ણાબેન દેસાઈ, કૃપાબેન, હર્ષલભાઈ તથા ત્વરા કિકાણીએ પણ પ્રસંગોચીત લાગણીને વાચા આપી હતી. તો સિંગાપોર વસતા તેમનાં પ્રપૌત્રી સૌ. બિન્દી અને અંજન બક્ષીએ સુંદર શુભેચ્છા સંદેશા મોકલ્યા હતા.

પૂ. ઉછરંગબેને પણ કેક કાપી, પૂરો સમય હાજર રહી બધાને હોંશથી મળી સૌને કુટુંબમાં સ્નેહ સંપ સાથેના સંયુકત કુટુંબની અગત્યતાનો પ્રત્યક્ષ ઉદાહરણ રૂપ પ્રેરણાનો અહેસાસ કરાવ્યો. તેમના સ્વસ્થ આયુષ્ય માટે સૌ પ્રાર્થના કરીએ.

આજે સુખ સમૃદ્ધિ પાછળ સ્વાર્થના વાતાવરણમાં વિતેલા સમયના આવાં ઉદાહરણ રૂપ પ્રેમાળ વડીલોએ કંડારેલ કેડી ઉપર ચાલી, લુપ્ત થતા જતા કુટુંબભાવનાનો વારસો પણ જાળવીએ !

## અ. ભા. ના. પરિષદ, મુંબઈ

પ્રતિ વર્ષ મુજબ સંસ્થાના ઉપક્રમે તા. ૬-૧૧-૧૧ને રવિવારના રોજ હાલાઈ લોહાણા બાલાશ્રમ ખાતે સ્વ. જયાલક્ષ્મી અમૃતલાલ જોષી સ્મૃતિ ગરબા હરીફાઈનું આયોજન થઈ ગયું જેનું પ્રમુખસ્થાન પરિષદના પ્રમુખશ્રી ચંપકભાઈ જોષીએ શોભાવેલ. બહોળી સંખ્યામાં બંધુઓની હાજરીમાં કાર્યક્રમની શરૂઆત ડેપ્યુટી મેયર તથા સમગ્ર ગુજરાત નાગર પરિષદના પ્રમુખશ્રી નરેશ રાજાના હસ્તે દીપ પ્રાગટય તથા શ્રી જગદીશભાઈ શાસ્ત્રી દ્વારા આરતીથી કરવામાં આવી હતી.ત્યારબાદ ઈતર જ્ઞાતિના વિવિધ ક્ષેત્રના અગ્રણી મહાનુભાવોનું મોમેન્ટો તથા પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ સ્વ. શ્રી જયકાંતભાઈ વોરાને શ્રધ્ધાંજલિ આપવામાં આવ્યા બાદ શ્રી ચંદુભાઈ રાવલનું અંબાજી વડનગરની યાત્રામાં ૯૫ વર્ષની વયે સહભાગી થવા બદલ શાલ ઓઢાડી બહુમાન કરવામાં આવ્યું હતું. બાદમાં ઉચ્ચ ગુણાંક સાથે ઉત્તીર્ણ થનાર તેજસ્વી વિદ્યાર્થીઓને પારિતોષીકો આપવામાં આવ્યાં હતાં. તેમજ શ્રીમતી વીણાબેન ચંપકલાલ જોષીના વરદ હસ્તે ગરબા સ્પર્ધાના વિજેતાઓને ઈનામ તથા લ્હાણી આપવામાં આવેલ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી હેમાબેન ઉદયકુમાર મહેતાએ પોતાની આગવી શૈલીથી કર્યું હતું અને કચ્છી ઢોલ અને શરણાઈના સૂરે સૌને ગરબા રમવામાં ઉત્સાહ પૂરો પાડેલ. શ્રીમતી વીણાબેન નાગર તથા પૂજા ભટ્ટે ગરબા સ્પર્ધાના નિર્ણાયકો તરીકે સેવા આપી હતી.

કાર્યક્રમને અંતે સૌએ સ્વરૂચિ ભોજનનો લ્હાવો લીધો હતો.

## ખાદી કમિશનના અધ્યક્ષ તરીકે દેવેન્દ્રભાઈ દેસાઈની નિયુક્તી



ખાદીને આજે દંભી રાજકારણીઓએ છળકપટ ઢાંકવાનું સાધન બનાવી દીધેલ છે. તેનો મર્મ -અર્થ સમજનારા અને સાદગી-સેવા અને સત્યના પ્રતીક તરીકે અપનાવનારા વિરલાઓ બહુ ઓછા રહયા હશે...આવા વિરલામાંના એકને ઘણા ઓળખતા હશે તેઓ છે...આજીવન સ્વચ્છ સુઘડ ખાદીનો જભ્ભો અને ધોતીયાંમાં સજ્જ જોવા મળતા સાદગી સાથે સેવાના ભેખધારી રાજકોટના શ્રી દેવેન્દ્રભાઈ ર. દેસાઈ.

વર્ષોથી રાજકોટની સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના પ્રમુખ તરીકે કાર્યરત શ્રી દેવેન્દ્રભાઈ દેસાઈ ની તાજેતરમાં દેશભરમાં ખાદી અને ગ્રામોદ્યોગની અગ્રીમ સંસ્થા ખાદી કમિશનના અધ્યક્ષ તરીકે ભારત સરકાર તરફથી નિયુક્તી કરવામાં આવી છે.તેઓ સહકારી ડેરી-મંડળીઓમાં પણ સક્રીય રીતે સંકળાયેલા છે. અનેક એવોર્ડ મેળવેલ છે.

૧૯૫૩ બાદ મુંબઈ ખાતે ખાદી કમિશનની કચેરી શરૂ કરવામાં આવ્યા બાદ શ્રી વૈકુંઠભાઈ મહેતાની પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી, ત્યારબાદ ૯ વર્ષ સુધી શ્રી ઢેબરભાઈએ આ જવાબદારી સંભાળ્યા બાદ માજી મુખ્યમંત્રીશ્રી ઘનશ્યામભાઈ ઓઝાએ સંભાળેલ.જે સન્માનીય હોદો હવે દેવેન્દ્રભાઈ સંભાળશે.

દેશભરમાં ૪ હજારથી વધુ સ્વૈચ્છીક સંસ્થાઓને રોજી આપનાર ખાદી કમિશનના અધ્યક્ષ તરીકે ધૂરા સંભાળ્યા બાદ ખાદી સાથે ગ્રામોદ્યોગના વ્યાપને ગામડાંઓ સુધી વિસ્તારવાની પણ દેવેન્દ્રભાઈની નેમ છે. જ્ઞાતિ વતી અભિનંદન સાથે ખાદી-ગ્રામોદ્યોગ ફરી ધબકતા થાય તેવી શુભકામના પાઠવીએ.

---

## કેન્સરના દર્દીઓ માટે ઉપયોગી

કેન્સર ભયાનક તથા જીવલેણ રોગ છે. તેને અસાધ્ય ગણવામાં આવે છે. પરંતુ વલસાડથી ૧૮ કી.મી. દૂર વાઘલધરા ગામે ગુટકાથી કેન્સર ફેલાવનાર માણેકચંદ ગૃપ (શેઠશ્રી રસિકલાલ માણેકચંદ ધારીવાલે) ગૌવેદ પ્રમાણે ગાયની પાંચ ચીજ ગોદુધ,દહીં,ઘી, મુત્ર અને છાશ-પંચગવ્યની આધુનિક સુવિધાથી સજ્જ હોસ્પિટલ (કામધેનુ હોસ્પિટલ) બનાવી છે, જેમાં જાતજાતના કેન્સરો,લીવર,કીડની રોગો, સોરાયાસીસ, બ્લડપ્રેશર તથા સંધિવાની સારવાર મફત થાય છે. ૧ રૂા પ્રવેશ ફી અને સારવાર તથા ભોજન દર્દીને મફત. સગાસંબંધી માટે રૂા.૧માં ભોજન મળે છે.

વૈદ્યરાજો તથા સુશિક્ષિત અને વિનયી સ્ટાફ,આર.એમ.ડી આયુર્વેદિક કોલેજ,હોસ્ટેલ,લેબોરેટરી, રીસર્ચ સેન્ટરની પણ ઉત્તમ સુવિધા છે. ફક્ત ૯માસ ૯દિવસમાં આ હોસ્પિટલ થઈ છે. શરૂઆતમાં ૧૧ દિવસ દર્દીને રખાય છે. ગાયોને અશ્વગંધા ,સતાવરી આપતાં વધુ દૂધ આપે છે. તમાકુ,ગુટકાથી સાંકડા મોં બનેલાને વિશેષ કોગળા કરાવાય છે. લાખો રૂપિયા ખર્ચીને કેમોથેરીપી રેડીયોથેરીપી પાછળ શરીર બરબાદ કરવા કરતાં અહી આશાનું કિરણ સમજી આવવું સારુ. ઓપીડીમાં ૩૦૦૦ તથા આઈપીડીમાં ૧૦૦૦ દર્દીઓએ લાભ લીધેલ છે.

સંકુલ દોઢ કિમી સ્કવેર ફીટમાં પથરાયેલ છે. દેરાસર વિહારધામ, ભોજનશાળા, ગૌશાળા, પાણી અને છાશની પરબ વિ.આ તીર્થમાં છે. વિશ્વનું સર્વપ્રથમ ૧૬૦૦કી. પારાને થીજવેલ શિવલીંગ અહીંજ છે. પવિત્ર તથા નૈસર્ગિક વાતાવરણથી આ પૂણ્યભૂમિ છે. ૨૩ તથા ૨૪ એપ્રિલના રોજ ડો. હાથી દંપતિને વૈદ્યસંભાળ પરિષદમાં આમંત્રણ મળ્યું. પરિષદની પૂર્ણાહુતિ 'હાસ્યેન સમાપયેન' ડો. રાજેન્દ્ર હાથી (વડોદરા) દ્વારા થઈ. (જેઓએ કેન્સરના દર્દીઓના લાભાર્થે 'બરછી' માટે લખી મોકલેલ છે. જે સાભાર...)

## શ્રી કચ્છી નાગર મંડળ, વડોદરા

સંસ્થાના ઉપક્રમે નવલા વર્ષને વધાવવા તા. ૫/૧૧ના રોજ સાંજે ૭ વાગ્યે સ્નેહમિલનનું આયોજન કરવામાં આવેલ. દિપાવલી પર્વને અનુલક્ષીને 'જ્યોત સે જ્યોત' કાર્યક્રમનું આયોજન અંતર્ગત વડીલ શ્રી હરસુખરાયભાઈ ધોળકિયા અને શ્રીમતી વિનોદબાળાબેન વૈદ્યના હસ્તે દીવા પ્રગટાવ્યા બાદ તેમાંથી ઉપસ્થિત સૌએ દીવા પ્રગટાવ્યા હતા અને શ્રી મધુકરભાઈ બુચ અને શ્રી જગદીશ માંકડે 'જ્યોત સે જ્યોત જગાતે ચલો,પ્રેમ કી ગંગા બહાતે ચલો' ગીત રજૂ કરી વાતાવરણમાં પ્રેમ અને એકતાનો સંદેશ વહાવ્યો હતો. દેવઉઠી અગિયારસની પૂર્વ સંધ્યાએ સતત જય હાટકેશના જય ઘોષથી હાટકેશ્વર જયંતિ સિવાય તેમની જય ઘોષથી 'દાદા' પણ વિમાસણ અને વિચારમાં પડી ગયેલ !

બાદમાં મંડળ વતી શ્રી હરસુખભાઈ ધોળકિયા અને યક્ષનાબેન ધોળકિયાએ સૌને શાબ્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. અન્ય સંસ્થાઓ, પરદેશ વસતા બંધુઓના સંદેશાઓના વાંચન, ગીત ગરબાની રમઝટ બોલાવ્યા બાદ અંતમાં સૌએ દૂધપાક પુરી મેથીના ગોટા ઝાપટયા હતા. (અહે. દુષ્યંત અંતાણી)

---

**<u>મંતવ્ય...</u>**

## <u>સગપણમાં વિલંબ-સમસ્યા અને ઉકેલ</u>

આજે સગપણ-સગાઈમાં ગૂંચ અને વિલંબની સ્થિતિ જોવા મળે છે.જેમ કે જન્માક્ષર મેળવવા છતાં જવાબ અપાતા નથી અથવા કોઇ કારણસર વિચાર ન હોય તો જન્માક્ષર મળતા નથી તેવા જવાબ મળે છે. સમય-પરિસ્થિતિ મુજબ તેમાં સહમત છીએ... પરંતુ ભણતર, ઉંમરમા થોડા મહીનાની બાંધછોડ,મોટા કુંટુંબ જેવા અનેક પ્રશ્નો નડે છે. જે માટે સામી વ્યકિતને અસમંજસમાં રાખવા કરતાં અમુક સમય બાદ સ્પષ્ટ 'હા કે ના' નો જવાબ આપી દેવાથી તેમને બીજે વાતચીત ચલાવવાનો ખ્યાલ આવે. બીજે વાતચીત ચાલતી હોય તો તેમ પણ જણાવી દેવાથી અન્ય પ્રયત્ન કરવાના રસ્તા ખુલ્લા થઈ જાય. સગપણમાં બાંધછોડ જરૂરી છે પહેલાના જમાનાની કહેવત પ્રમાણે 'ઘરમાથી ઘર' થાય. મારે કહેતાં અચકાવું ન જોઈએ કે ગુજરાતના છોકરા-છોકરી સૌરાષ્ટ્ર માટે તૈયાર નથી અરે, અમુક કંપનીમાં કે ગર્વમેન્ટમાં બદલી થાય તો નથી જવું પડતું? તો અમુક શહેર કે ગામની ના શા માટે ? ટુંકમાં જન્માક્ષર, અભ્યાસ,કુટુંબ આવક, ગામ-શહેર જેવા મુદાઓમા ચર્ચા વિચારણા કરી બાંધછોડ કરવામાં આવે તો સમસ્યા રહેતી નથી. આજે મેળાવડા, મેરેજબ્યુરો,'બરછી' જેવાં માધ્યમોનો પણ ઉપયોગ જરૂરી છે.

વાલીઓ-યુવાનો વિચારી જોજો. આશા છે ...મારાં મંતવ્યનો અમલ થશે તો સાચી દિશામાં સ્નેહનું સગપણ રચી તેની સુગંધ અનુભવી શકીશુ.

– હિતેશી હરેશભાઈ મહેતા(મહુવા)

## <u>અનંતના યાત્રીઓ :</u>

કિશોરભાઈ આણંદલાલ મંકડીનું અમદાવાદ ખાતે. શ્રીમતી જયશ્રીબેન દીપકભાઈ મંકોડીનું મુંબઈ ખાતે. ગં. સ્વ. સુમનબેન નીલકંઠરાય ઢેબર (ભાભુ)નું ૯૮ વર્ષની વયે અમદાવાદ ખાતે. હરનાથભાઈ ભાલચંદ્રભાઈ માંકડ(નિવૃત્ત એસ.બી.આઈ. ઓફિસર)નું ૮ર વર્ષની વયે અમદાવાદ ખાતે. સુનીલકુમાર માર્કંડરાય ઢેબરનું પ૪ વર્ષની વયે અમદાવાદ ખાતે.ડો. દીનુભાઈ માંકડના પત્ની વિણાબેન નું જામનગર ખાતે. આર.સી. બુચનું જામનગર ખાતે. સરલાબેન માંકડનું જામનગર ખાતે અવસાન.

## સગપણ સગાઈ :

❖ જૂનાગઢ નિવાસી પરેશ ઉપેન્દ્રભાઈ બુચનાં પુત્રી શિવાનીનું સગપણ ભુજ નિવાસી અનીલભાઈ મહેન્દ્રરાય વૈદ્યના પુત્ર જીત સાથે.

❖ રાજકોટ સ્થિત મુકુલભાઈ ઉમંગભાઈ વૈદ્યનાં પુત્રી મૈત્રેયીનું સગપણ ભુજના આણંદ સ્થિત પિયુષભાઈ વૈશ્નવના પુત્ર અંકિત સાથે.

❖ અમદાવાદના હર્ષનીલ સુનીલભાઈ અંજારીયાનું સગપણ કવિતા અશોકભાઈ ભટ્ટ સાથે.

❖ વડોદરા સ્થિત મૃગા શ્રેયસ ત્રિવેદીનું સગપણ અમદાવાદ સ્થિત નિત્ય હેમાંગભાઈ વ્યાસ સાથે.

## પ્રભુતામાં પગલાં :

❖ રાજકોટ સ્થિત ડો. અસીત વિજેન્દ્રપ્રસાદ વૈશ્નવનાં પુત્રી ડો. હેલીના લગ્ન નિરૂપમભાઈ સુમન્તરાય મહેતાના પુત્ર વિશ્રુત સાથે.

❖ રાજકોટ સ્થિત રવીન્દ્રભાઈ રજનીકાંતભાઈ નાણાવટીનાં પુત્રી ખુશ્બુના લગ્ન રાજકોટ સ્થિત પરિમલભાઈ પી. મારૂના પુત્ર માલવ સાથે.

❖ રાજકોટ સ્થિત રાસવિહારી વૈશ્નવનાં પુત્રી વિધિનાં લગ્ન રાજકોટ સ્થિત બિપીનભાઈ ઓઝાના પુત્ર સાર્થક સાથે.

❖ રાજકોટ સ્થિત પાર્થ દિલીપભાઈ ધોળકિયાના લગ્ન રાજકોટનાં વિરલ સાથે.

❖ ભાવનગરનાં પ્રિયંક જાગૃતભાઈ દેસાઈના લગ્ન ભાવનગરનાં ઝલક ભવિનભાઈ મહેતા સાથે.

❖ ભાવનગરના મસ્કત સ્થિત ભવિન દિવ્યકાંત ભાઈ મહેતાનાં પુત્રી ઝલકનાં લગ્ન ભાવનગર સ્થિત જાગૃત જે. દેસાઈના પુત્ર પ્રિયંક સાથે.

❖ જામનગરના યોગેશ એ. પોટાનાં પુત્રી ધરાનાં લગ્ન મહેશભાઈ એચ. બક્ષીના પુત્ર નિહાર સાથે.

❖ પ્રભુતાબેન પી. માંકડના પુત્ર કૃણાલના લગ્ન જુનાગઢ નિવાસી શ્રી નીખીલભાઈ મજમુદારની પુત્રી દીશા સાથે.

❖ ડો. કૈલાસ એસ. વછરાજાનીનાં પુત્રી સ્તુતિના લગ્ન કમલભાઈ જે. ઓઝાના પુત્ર શૈલ સાથે.

❖ અમદાવાદ સ્થિત નયનાબેન ધીરેનભાઈ ધોળકિયાનાં પુત્રી દીપલનાં લગ્ન અરૂણાબેન મયુરભાઈ દેરાસરીના પુત્ર શ્રીધર સાથે.

**જય હાટકેશ ટૂરીઝમ**

**ઓલ ઈન્ડીયા પેકેજ ટૂર સ્પેશ્યાલીસ્ટસ**

**જ્ઞાતિજનો માટે સ્પે. ડીસ્કાઉન્ટ**

**વર્ષ ૨૦૧૨માં રેલ્વે/એર દ્વારા કુલ ૯ પેકેજ ટૂર**

**માર્ચ-૧૨** ચંપારણ્ય, જગન્નાથપુરી,ભુવનેશ્વર, કલકતા, ગંગાસાગર **એપ્રિલ- ૧૨** જમ્મુ-કટરા (વૈષ્ણવીદેવી) માનસર લેક - **એપ્રિલ - ૧૨** ચકકીબેંક ડેલહાઉસી, ખજીયાર, મનાલી, રોહતાંગ, સીમલા, કુકરી, ચંદીગઢ, દિલ્હી...

આ ઉપરાંત **એપ્રિલ-મે-૧૨** માં બીજી ૬ અલગ અલગ રૂટની પેકેજટૂર તેમજ ગ્રુપ બુકીંગ ટૂર

**નોંધ : રેલ્વે ફ્રી પાસ, એલટીસી વગેરે માન્ય.**

રેલ્વે ટૂર માટે ૪ મહીના પહેલા ડીપોઝીટ આપીને બુકીંગ કરાવવું ફરજીયાત છે. તુરત સંપર્ક કરો :

**મલ્હાર ધોળકિયા-મો. ૯૪૨૭૭ ૨૭૦૩૭**

(દરેક સીઝન માટે બોડી સ્પ્રે, લોશન, ડીઓસ્પ્રે, સેંટ, વેસેલીન, બ્રાન્ડેડ તેમજ સીઝનલ આઈટેમ હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો.)

# ----- સમાચાર સંચય -----

☆ **જામનગર :** જામનગર વડનગરા નાગરજ્ઞાતિ સમિતિ દ્વારા માગશર સુદ ૭ સંત ભકતકવિ નરસિંહ મહેતાના હારમાળા પ્રસંગે તેના પદો,પ્રભાતિયા અને ભજનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. શરૂઆતમાં શ્રી જનકભાઈ માંકડે નરસિંહ મહેતાની વંશાવલી તથા હારમાળાનો પ્રસંગ સંક્ષિપ્તમા સમજાવેલ. ત્યારબાદ જ્ઞાતિના ગાયક કલાકારોએ નરસિંહના પદ હુંડી પ્રભાતિયા ગાઈને ઉપસ્થિત જ્ઞાતિજનોને મંત્રમુગ્ધ કરેલ. કાર્યક્રમ સમાપ્ત થયા બાદ અલ્પાહારને ન્યાય આપી સૌ વિખરાયેલ. કાર્યક્રમને સફળ બનાવવા જ્ઞાતિ પ્રમુખ શ્રી સુરેશભાઈ નાણાવટી તથા શ્રી હેમપુષ્પ ધોળકિયાએ સારી જહેમત ઉઠાવેલ.

☆ **મુંબઈ :** ગત માસમાં છપાયેલ શ્રી નાગર વિદ્યોતેજક મંડળની શિષ્યવૃતિ,લોન માટે એકત્ર થયેલ રકમમાં ડો. પલ્લવીબેન સુબોધભાઈ નાણાવટી-મુંબઈ તરફથી રૂા. ૫૧૦૦૦ તથા શ્રી જયદેવ ઋષિરાય મહેતા-મુંબઈ તરફથી રૂા ૫૧૦૦૦ નું માતબર રકમનું મુખ્ય યોગદાન છે.

☆ અત્રેના કૃદન્ત શાલિન ધોળકિયાએ શાળા કક્ષાએ યોજાયેલ ગરબા સ્પર્ધામાં ૯૪ સ્પર્ધકોમાંથી બીજું સ્થાન મેળવી પારિતોષીક મેળવ્યું.

☆ ભાવનગરના સ્વ. ચુનીલાલ પ્રભાશંકર મહેતાના કુટુંબીઓનું એક પરિવાર મિલન તા. ૨૩/૧૦/૧૧ના રોજ અત્રે વિલે પાર્લે ખાતેની હોટલ ખાતે યોજાગયું. જેમાં ૫૦ જેટલા કુટુંબીઓએ ભેગાં થઈ પરસ્પર નૂતન વર્ષની શુભેચ્છા પાઠવ્યા બાદ સંસ્મરણો વાગોળવાનો, ભોજનનો આનંદ માણ્યો હતો.

☆ **અમદાવાદ :** સ્થિત કુ. ઝંકૃતિ રાજેશ સ્વાદિયા રાજકોટના કંકણ ગ્રુપ ગરબા સંસ્થા તરફથી ઝીમ્બાબ્વે, મસ્કત, તુર્કીસ્તાન ખાતે ગરબાના ગૃંદમાં કાર્યક્રમ આપવા જઈ આવ્યાં. તેણીએ પન્નાલાલ પટેલ લિખીત નવલકથા 'મળેલા જીવ'માંથી રૂપાંતરીત નૃત્યનાટીકાની કોરીઓગ્રાફી કરી. આ ઉપરાંત તેણીએ ઉમાશંકર જોષી લિખીત 'મહાપ્રસ્થાન' નાટકમાં પણ ભાગ લઈ દ્રૌપદીનું મુખ્ય પાત્ર ભજવ્યું.

☆ રીલાયન્સ બ્રાન્ડઝ લી.માં આસી. વાઈસ પ્રેસિડેન્ટ તરીકે ફરજ બજાવતા નિરાગી હર્ષકાન્તભાઈ વસાવડા કંપનીના કાર્યાર્થે દુબઈની મુલાકાતે જઈ આવ્યા.

☆ નાહોટા ગ્રુપ ઓફ કંપનીઝમાં મેનેજર એક્ષપોર્ટ તરીકે કાર્યરત ભાવિન હર્ષકાન્તભાઈ વસાવડા કંપનીના કાર્યાર્થે શિકાગો તથા સાઉદી અરેબીયાની મુલાકાતે જઈ આવ્યા.

☆ શ્રી ક. સૌ. વ. નાગર મંડળના પ્રમુખશ્રી નીલકંઠભાઈ ધોળકિયાની યાદી અનુસાર અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના મેયરશ્રી આસીતભાઈ વોરાની શુભલાગણી અને જહેમતથી તથા પદાધિકારીઓના સહકારથી અત્રેના વસ્ત્રાપુર ફુવારા ખાતે આદ્યકવિ ભકત શિરોમણી નરસિંહ મહેતાની પ્રતિમા મુકાવાની જાહેરાત કરવામાં આવી છે. આ માટે હવે જ્ઞાતિજનોના તન મન ધનના સહકારની અપેક્ષા રહેશે..વધુ માહિતી માટે મંડળના હોદેદારોનો સંપર્ક કરશો.

☆ અમદાવાદ સ્થિત શ્રી લલિતભાઈ હ. વછરાજાનીએ જીવનનાં ૭૫ વર્ષ પૂર્ણ કરતાં શ્રી કનકરાય વછરાજાનીના નિવાસસ્થાને શ્રી કશ્યપભાઈના માર્ગદર્શન હેઠળ કુટુંબમિલનનું આયોજન કરાયું હતું.

☆ **વલ્લભવિદ્યાનગર :** કુ. સંધ્યા મધુકર બુચ એચ.ડી.એફ.સી. બેંકની બોરસદ શાખામાં નિમાયાં.

☆ **ભુજ :** શ્રી વિરલ તથા ગાર્ગી વોરાના પુત્ર ચિ. વંશે ઈન્ડીયન સાયન્સ ઓલિમ્પીયાડની પરીક્ષામાં ભુજમાં પ્રથમ અને ભારતમાં ૨૮મો ક્રમાંક મેળવતાં જ્ઞાતિના વાર્ષિકોત્સવમાં સન્માન કરવામાં આવ્યું.

☆ **જૂનાગઢ :** રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં એ.જી.એમ. તરીકે કાર્યરત શ્રી ધર્મેશ પ્રહલાદરાય ત્રિપાઠી

બેન્ગકોક ખાતે યોજાયેલ ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં ભાગ લેવા જઈ આવ્યા. ડીપાર્ટમેન્ટના ૨૨૫ અધિકારીઓ માંથી તેઓ એકમાત્ર પસંદગી પામેલ.

☆ તાજેતરમાં ગુજરાત સાહિત્ય પરિષદના ૪૬મા અધિવેશનના ભાગ રૂપે રૂપાયતન ટ્રસ્ટ દ્વારા યોજાયેલ વિવિધ સ્પર્ધાઓ પૈકી ચિત્રસ્પર્ધામાં ભુવન તપન જીકાર, ચિ. ક્ષીતિ દિવ્યાંશુ વૈશ્નવ, મહેક આશિષ માંકડ વિજેતા થયા. કાવ્ય પઠનમાં ચિ. ક્ષીતિ દિવ્યાંશુ વૈશ્નવે ત્રીજું સ્થાન મેળવ્યું. આ ઉપરાંત જીલ્લા યુવા મહોત્સવ અંતર્ગત બાલપ્રતિભા મહોત્સવમાં કલરવ બાલવૃંદમાં ક્ષીતીએ ટીપ્પણી રાસમાં ભાગ લઈ વૃંદને પ્રથમ વિજેતા બનાવી રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે પસંદગી અપાવી. આ જ અંતર્ગતની સમૂહગાન સ્પર્ધામાં ક્ષીતિ વૈશ્નવ તથા મહેક માંકડ તૃતીય વિજેતા થયા.

☆ **ભાવનગર :** અત્રેની એચડીએફસી બેંકમાં કાર્યરત શ્રી ચંદ્રાર્ક અશ્વિનભાઈ મહેતા ન્યુ કોર બેંકીંગ પ્રોજેકટ માટે સૌરાષ્ટ્ર કચ્છ માંથી પસંદગી પામ્યા. તેઓ ગુજરાતમાંથી પસંદગી પામનાર માત્ર પાંચ સભ્યોમાંના એક છે.

☆ જપન ભવિનભાઈ મહેતાને યજ્ઞોપવિત સંસ્કાર અપાયા.

☆ **રાજકોટ :** શ્રી સર્વમંગલ ટ્રસ્ટ રાજકોટની યાદી જણાવે છે કે... કે.જી. થી ધો.૧૨ સુધીના તેજસ્વી વિધાર્થીઓને પારિતોષિક વિતરણનો સમારંભ તા. ૨૫-૧૨-૧૧ ને રવિવારના રોજ સાંજે ૫ વાગ્યે શ્રી અ.વ.નાગર બોર્ડિંગ ખાતે રાખવામાં આવેલ છે. સંબંધિત વિધાર્થીઓ-વાલીઓને સમયસર હાજર રહેવા અને જ્ઞાતિજનોને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા ઉપસ્થિત રહેવા આમંત્રણ છે.

☆ હર્ષલ વિભાકર અંજારીયા –સી.એ.-પોલીપ્લેક્ષ કોર્પો. લી.માં તર્કી ખાતે પ્રોજેકટ મેનેજર ફાઈનાન્સ તરીકે જોડાયા.

☆ હર્ષિત વિભાકર અંજારીયા બી.ઈ.,એમ.બી.એ.-ICICI બેંકમાં આસી. મેનેજર તરીકે પસંદગી પામ્યા.

☆ શ્રીમતી ફોરમ નીમીત વસાવડા તથા અમીષા અમીત વસાવડા સાસુ ઝંખનાબેન સાથે દુબઈ-શારજહાં પ્રવાસે જઈ આવ્યાં.

☆ અ.ભા.ના.પરિષદના ઉપક્રમે શારદીય મહોત્સવ દરમિયાન યોજાયેલ વાનગી સ્પર્ધમાં વિભુતિબેન એન દેસાઈએ 'ચીલીકેક' બનાવી સતત બીજે વર્ષે પ્રથમ સ્થાન મેળવ્યું.

☆ મલ્હાર હીતેશભાઈ ધોળકિયાએ રાજ્ય કક્ષાના રમતોત્સવમાં ભાગ લઈ સ્કાયમાર્શલ આર્ટસમાં પ્રથમ તેમજ કીક બોકસીંગમાં તૃતીય સ્થાન મેળવ્યું. ખેલ મહાકુંભ સ્પર્ધા અંતર્ગત આયોજીત જૂડો સ્પર્ધામાં જીલ્લા કક્ષાએ બીજું સ્થાન મેળવ્યું.

☆ કુ. ગૂંજા તથા સોનાલી હીતેશભાઈ ધોળકિયા મહાકુંભ ખેલ સ્પર્ધા અંતર્ગત આયોજીત જૂડો સ્પર્ધામાં જીલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન મેળવી રાજ્ય કક્ષાએ પસંદગી પામ્યાં.

☆ શ્રી રમણીકભાઈ (રમુભાઈ) આર. હાથીએ ગાયત્રી પંચકૂંડી યજ્ઞ કરી મહાપ્રસાદ સાથે કુટુંબ મેળાનું આયોજન કર્યું. તેઓએ વડનગર ખાતે દાદાના સાન્નિધ્યમાં લઘુરૂદ્ર કરી થાળ ધરાવ્યા બાદ સપરિવાર શામળાજી, ઉમીયાજી તથા અંબાજીની યાત્રા કરી આવ્યા.

☆ શ્રી હિમાંશુ રાણાએ વર્ષ ૨૦૦૯માં 'પંચામૃત' પુસ્તક પ્રસિધ્ધ કરી તેની રૂા. ૨૫૦૦૦/-આવક જુવેનાઈલ ડાયાબીટીસ ફાઉન્ડેશન,થેલેસેમીયાના રોગ માટે જનજાગૃતિ અભિયાન ચલાવતી વિવેકાનંદ યુથ કલબ તથા નિઃસ્વાર્થ ભાવે બ્લડડોનેશન, જરૂરીયાતમંદોને દવા જેવી અનેક સેવા પ્રવૃતિઓમાં રત જ્ઞાતિબંધુને ત્રણ સરખે ભાગે વહેંચવાનો લીધેલ સંકલ્પ પૂર્ણ કરી સમાજ પ્રત્યેનું ઋણ અદા કર્યું.

# -.- લગ્ન વિષયક જાહેરાત -.-

(નીચેની જાહેરાતો માટેના ફોન નંબર મેળવવા ફોન નં. ૦૨૮૧-૨૪૫૩૦૬૩ ઉપર સવારે ૧૨ થી ૧ દરમ્યાન ફોન કરશો.આપના સંતાનો માટે વિનામૂલ્યે જાહેરાત આપવા બરછીમાં પ્રકાશિત થતાં ફોર્મમાંની વિગત ભરી કાર્યાલયને સરનામે મોકલી આપવાનું રહે છે. -તંત્રી)

(૧) બી.ઇ.(મીકે.) એમ.બી.એ. જ. ૯/૧૯૮૩, ઉંચાઈ ૫'.૧૧" વડોદરા ખાતે લી. કંપનીમાં માર્કે. મેનેજર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૬૧-મો.

(૨) પી.એચડી. (જીનેટીકસ) જ. ૭/૧૯૮૦, ઉંચાઈ ૫'.૫" ઉચ્ચ અભ્યાસ માટે યુએસ. જવા ઈચ્છુક કન્યાને સમકક્ષ યુવક. સંપર્ક : ૦૨૬૫-

(૩) બીડીએસ. (ડેન્ટલ સર્જન)જ. ૮/૧૯૮૮,ઉંચાઈ ૫'.૪" નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૧-

(૪) બી.એસસી. (બાયો.) જ. ૧૨/૧૯૮૬, ઉંચાઈ ૫'.૪" મુંબઈ ખાતે નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક ૦૨૫૦-

(૫) એમબીએ., એમ.એડ. જ. ૪/૧૯૮૧ ઉંચાઈ ૫'.૮" જોધપુર ખાતે લેકચરર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૯૧-

(૬) બી.કોમ., પીજીડીસીએ., જ. ૧૧/૧૯૭૯ ઉંચાઈ ૫'.૯" કાયમી નોકરી કરતા નિર્દોષ છૂટાછેડા થયેલ યુવકને યોગ્ય સંસ્કારી કન્યા. સંપર્ક :

(૭) એમ.આઈએસ. (આઈટી) જાન્યુ. ૧૯૭૯, ઉંચાઈ ૫'.૧૧" યુએસએ. ડેલાસમાં જન્મેલ ત્યાં જ સ્થાયી યુવકને કન્યા. સંપર્ક : ૦૨૬૫-

(૮) માસ્ટર ઓફ સ્કૂલ સાયકોલોજી,જાન્યુ. ૧૯૮૧, ઉંચાઈ ૫'.૪" યુએસએ. ડેલાસમાં જન્મેલ ત્યાં જ સ્થાયી કન્યાને યુવક. સંપર્ક : ૦૨૬૫-

(૯) સી.એસ., એલએલ.બી., બી.કોમ., જ. તા. ૧૩-૨-૧૯૮૫, ઉંચાઈ ૫'.૨" લી. કંપનીમાં નોકરી કરતી (મંગળ છે)કન્યાને યુવક સંપર્ક : ૦૭૯- મો.

(૧૦) ગ્રેજ્યુએટ, જ. ૧/૧૯૭૭, ઉંચાઈ ૫'.૧૦" સારૂં કમાતા મુંબઈ સ્થિત માંગલિક યુવકને કન્યા. સંપર્ક : ૦૨૨-

(૧૧) બી.કોમ., એમ.બી.એ., જ. ૮/૧૯૮૭ બેંકમાં નોકરી કરતી (માંગલિક - મંગળવાળી) કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૮-

(૧૨) એમ.કોમ., એમ.બી.એ., જ. ૨/૧૯૮૩, ઉંચાઈ ૫'.૪" ઉંચાઈ કાશ્યપ ગોત્રના બેંકમાં ઓફિસર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૧-

(૧૩) એમ.કોમ., ટેલી-૯, જ. ૬/૧૯૮૬, ઉંચાઈ ૫'.૪" ગાંગ્યાનસ ગોત્રની કન્યાને યુવક. સંપર્ક : ૦૭૯-

(૧૪) બી.કોમ.,એમ.બી.એ., જ. ૭/૧૯૮૭ ઉંચાઈ ૫'.૫" અમદાવાદ ખાતે લી. કંપનીમાં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૭૮-

(૧૫) બી. ટેક., એમ.ટેક. (ચાલુ), જ. ૩/૧૯૮૪, ઉંચાઈ .૬'ના હાલ ઈંદોર ખાતે આસી. પ્રોફેસર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૭૩૧-(ગતાંકમાં ઉં.માં ભૂલ તેથી ફરીથી)

## શ્રધ્ધાંજલિ અને ઋણ સ્વીકાર



**મુ. વ. પૂજ્ય નવીનચંદ્રભાઈ પ્રાણલાલ ઢેબર**ના અવસાન બદલ અમે ઘેરી દિલગીરી વ્યકત કરીએ છીએ અને સદ્ગતને અમારી ભાવભીની શ્રધ્ધાંજલિ અર્પણ કરીએ છીએ. થોડા સમય પહેલાં જ તેઓએ તેમનાં ધર્મપત્ની પૂ. હર્ષાબેનની તા. ૨૭ નવેમ્બરના રોજ પૂણ્યતિથિ નિમિત્તે અમારી ગરીબ વિદ્યાર્થીઓને મફત ટયૂશનની સેવાકીય પ્રવૃત્તિમાટે રૂા. ૫૦,૦૦૦/-નું અનુદાન આપેલ, જે ગરીબ વિદ્યાર્થીઓના ઉચ્ચ અભ્યાસ માટે તેનો સદ્ઉપયોગ થાય તેવી તેની અભિલાષા હતી. અમને મળેલ તેઓની આ સહાય ઘણાં વિદ્યાર્થીઓની કારકિર્દી ઘડવામાં ઉપયોગી નીવડશે.

સાથે સાથે તેઓશ્રીએ રૂા. ૫૦,૦૦૦/-ના દાનનો ચેક શ્રી કચ્છ સૌરાષ્ટ્ર વડનગરા નાગર મંડળ, અમદાવાદ માટે મારા વડિલબંધુ શ્રી જનાર્દનભાઈ બુચ (ઉપપ્રમુખ, ક. સૌ. વ. નાગર મંડળ)ને પણ આપેલ.

'બહુજન હિતાય'ની વિચારસરણીને અનુસરનાર પરોપકારી આત્માને ઈશ્વર શાશ્વત શાંતિ અર્પે એ જ અભ્યર્થના...ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ


**દિપક બુચ - મંજરી બુચ**

**દાદા-દાદીની 'વિદ્યાપરબ'**

સી-૪૩ સચિન ટાવર્સ, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫


---

## 'બરછી'-લગ્ન વિષયક જાહેરાતનું ફોર્મ

'બરછી'ના ગ્રાહક નંબર________ ફોન/મો. :________

જાહેરાત આપનારનું નામ :________

સરનામું:________

________

________

યુવક / યુવતીનું નામ :________

અભ્યાસ :________ વજન :________

મંગળ છે / નથી ગોત્ર :________ ઉંમર :________ જ.તા.________ ઊંચાઈ :________

નોકરી/વ્યવસાય :________

મોસાળ પક્ષ :________

અન્ય માહિતી :________

ૐ

સ્થાપના-૧૯૩૦ • જ્ઞાતિ સેવામાં સદાય તત્પર • રજી.નં. એ-૨૯૯૧

# શ્રી કચ્છ સૌરાષ્ટ્ર વડનગરા નાગર મંડળ, અમદાવાદ

કાર્યાલય ''હાટકેશકૃપા'' : એ/૨૦૧, જીવનધામ ફ્લેટ, હીંમતલાલપાર્ક પાસે, સેટેલાઇટ રોડ, અમદાવાદ-૧૫.
e-mail : ksvnagarmandal@gmail.com

**સ્નેહીશ્રી.....**

મંડળે આ પહેલાં ત્રણ વખત યુવક–યુવતીનો બાયોડેટા ધરાવતી યુવા ડીરેક્ટરી, કેટલાંક માપદંડો સાથે બહાર પાડેલી, જેને ઘણો જ સુંદર આવકાર મળેલ અને દેશ – વિદેશમાં ૯૦% જેટલા સંબંધો બંધાયેલા. શ્રી મંડળ યુવા ડીરેક્ટરી – ૪ બહાર પાડી રહેલ છે. જેની વિગતો નીચે પ્રમાણે છે.

(૧) આ ડીરેક્ટરીમાં લગ્નોત્સુક ૨૦ થી ઉપરના અપરણિત નાગર સંતાનોની વિગત સમાવાશે.

(૨) ઉમેદવાર ડીપ્લોમાં / ગ્રેજ્યુએટ હોય કે તે લેવલે અભ્યાસ કરતાં હોય તે જરૂરી છે.

(૩) આ ફોર્મની ઝેરોક્ષ તથા જ્ઞાતિપત્રમાં છપાયેલ ફોર્મ ચાલશે. આ ઉપરાંત ksvnagarmandal@gmail.com પર ઈ–મેલ કરવાથી ફોર્મ મોકલવામાં આવશે.

(૪) નીચેના શહેરોમાંથી પણ દર્શાવેલ જ્ઞાતિજનોને ત્યાંથી ફોર્મ મળી શકશે.

(૧) અમદાવાદ : મંડળના બધાજ કાર્યકર્તા
(૨) વડોદરા : શ્રી પ્રકાશ ખારોડ (ફોન : ૯૯૦૯૦૨૯૫૧૦) તથા
શ્રી પીનાકીન વસાવડા (ફોન : ૨૩૯૩૬૧૨)
(૩) રાજકોટ : શ્રી જનાર્દન મારૂ (ફોન : ૨૫૭૭૭૫૧) તથા બચ્છી કાર્યાલય
અને શ્રી મધૂકરભાઇ વૈષ્ણવ (ફોન : ૨૪૫૩૮૧૦), શ્રીમતી ચેતના વસાવડા (ફોન : ૯૨૨૮૮૭૦૯૩૨)
(૪) જૂનાગઢ : શ્રી નિરજ વૈષ્ણવ (ફોન : ૨૬૨૨૭૨૨) તથા શ્રી મયુર દેસાઇ (ફોન : ૨૬૭૩૮૧૨)
(૫) ભાવનગર : શ્રી મનિષ વૈષ્ણવ (ફોન : ૨૨૧૦૬૯૦)
(૬) ભૂજ : શ્રી પરિમલભાઇ ધોળકીયા (ફોન : ૨૫૬૩૦૬)
(૭) જામનગર : શ્રી જયેશભાઇ પોટા (ફોન : ૨૬૭૨૯૭૨)
(૮) ગાંધીનગર : ઉષાકાંત વસાવડા (ફોન : ૨૩૨૧૧૩૦૪)

(૫) ફોર્મ માત્ર નીચેના સ્થળે પહોંચાડવાના રહેશે.

(૧) શ્રી અમીત દેસાઇ, એ/૧, માણેક એપાર્ટમેન્ટ, હોટલ મોસ્કો પાસે, મણિનગર રેલ્વે સ્ટેશન સામે, અમદાવાદ – ૩૮૦૦૦૮ (ફોન : ૨૫૪૬૬૨૩૩)
(૨) શ્રી કલાપી વૈષ્ણવ, ૩૦, વિશ્વબંધુ સોસાયટી, વિકાસગૃહ પાસે, અમદાવાદ–૩૮૦૦૦૭.
(ફોન : ૨૬૬૩૦૪૭૨)

(૬) વિદેશ વસતા આપણા જ્ઞાતિજનોની સવલત માટે ઈ–મેઈલથી આવેલ ફોર્મ સ્વીકારવામાં આવશે. અલબત્ત તેઓએ તેમના સંબંધી મારફત રકમ રૂપિયામાં પહોંચાડવાની રહેશે.

(૭) શ્રી મંડળના અમદાવાદ તથા બહારગામ / વિદેશ વસતા સભ્યોના સંતાનો માટે પ્રત્યેક ઉમેદવાર દીઠ રૂા. ૧૦૦/– અંકે રૂપિયા એકસો લેવામાં આવશે. જ્યારે અન્ય માટે રૂા. ૧૫૦/– રહેશે. જે રૂબરૂ અથવા સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, બેંક ઓફ ઈન્ડીયા તથા અમદાવાદમાં at par Cash થતા બેંકના ચેકથી મોકલવા. ચેક "Shri K.S.V. Nagar Mandal"ના નામનો સ્વીકાર્ય છે.

(૮) ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ : ૩૧–૦૧–૨૦૧૨ છે. ડીરેક્ટરી પ્રસિદ્ધ થયે કુરીયરથી મોકલવામાં આવશે. વધારાની કોપી ઉપલબ્ધ હશે તો તેની કિંમત રૂા ૧૫૦/– રહેશે.

(૯) માતા / માતામહનું નામ જણાવવાનું છે ત્યાં આ પ્રમાણે લખવું. દા.ત., સૌ. હીતા તે સૌ. તરંગીનીબહેન જીતેન્દ્રભાઇ વૈષ્ણવના પુત્રી.

નાના નગરોમાં રહેતા આપના સ્વજનોને આ "યુવા–ડીરેક્ટરી" વિશે સંદેશો પહોંચાડવા વિનંતી છે.

| | | |
|---|---|---|
| **ડૉ. જયંત વસાવડા** | | **નીલકંઠ ધોળકીયા** |
| મંત્રી | ***જય હાટકેશ*** | પ્રમુખ |
| ફોન : ૨૬૬૧૨૧૬૯ | | ફોન : ૨૬૬૦૩૯૮૪ |

# શ્રી કચ્છ સૌરાષ્ટ્ર વડનગરા નાગર મંડળ, અમદાવાદ

ફોર્મ ગુજરાતીમાં ભરવું. મંડળના સભ્ય છો ? હા / ના

યુવક / યુવતી ______________ ફોર્મ નં. ______________

❁ યુવા ડીરેક્ટરીમાં પ્રસિદ્ધ કરવા માટેનું માહિતી ફોર્મ ❁

પાસપોટ સાઈઝનો ફોટો (ફોટા પાછળ પુરૂ નામ અવશ્ય લખવું

નામ : ______________________________
અટક ઉમેદવારનું નામ પિતાનુંનામ

જન્મ તારીખ : ______________ ઉંચાઈ : ______________ ઈંચ
તારીખ મહિનો વર્ષ

અભ્યાસ : ______________________________
(અંગ્રેજીમાં સ્પષ્ટ અક્ષરોમાં લખવો.)

ઘરનું સરનામું : ______________________________

______________________________ ફોન : ______________

મો. : ______________ ઈ-મેઈલ : ______________

ઉમેદવારનો વ્યવસાય હોદ્દા સાથે : ______________________________

વ્યવસાયનું સરનામું : ______________________________

માતા / માતામહનું નામ : ______________________________

______________________________

જન્માક્ષરમાં માનો છો? હા / ના ______________ મંગળ હોય તો જણાવો? ______________ વતન ______________

જન્મ સ્થળ અને સમય : ______________________________
(સ્પષ્ટ A.M. - P. M. સાથે લખવું.)

વિશેષ વિગત : (ટૂંકમાં) ______________________________

ઉપરની સર્વે વિગતો સંપૂર્ણપણે સાચી છે જે ડિરેક્ટરીમાં પ્રસિદ્ધ કરવા વિનંતી છે. આ માટે જરૂરી રૂા ૧૦૦/-, ૧૫૦/- આ સાથે રોકડા / ચેક / DD /થી મોકલેલ છે.

બેંક : ______________ ચેક - DD નં. : ______________ તારીખ : ______________

સ્થળ : ______________

તારીખ : ______________

______________ ______________
પિતા / વાલીની સહી (ઉમેદવારની સહી)

## All Your Travel Needs Under One Roof

- Air Ticket Booking
- Travels Bus Ticket Booking
- DTH Recharge
- All Types of A.C. / Non A.C. Cars On Rental Basis
- Rail* Ticket Booking
- Hotel Booking
- Holiday Package

SKT

**Shree Hatkesh Travels**
7, Kailash Park, B/h.Natraj Nagar,University Road, Rajkot
Cell : 9825710296, 9429578295, 9825210278
shrihatkeshtravels@gmail.com

## ABM TRAVELS

**WINTER DHAMAKA**
Singapore-Malaysia (5N/6D) Rs.52750
Singapore-Malaysia-Thailand (9N/10D)
Rs.67750 per Adult/HongKong-Shenzhan
(6N/7D)Rs.67750, Dubai(5D)Rs.33750
(4D)Rs.29999-All Inclusive.
**Honeymoon tours**
Kerala/Rajasthan/Himachal/Goa
Mauritius/Maldives/Thailand/Bali/Sri Lanka
Langkavi-Penang/Phuket-Krebi-Samui
**Mountain Resort**
Nainital-Mussoorie/Darjeeling-Gangatok
Ooty-Kodaikanal/Mt.Abu/Leh-Ladakh
**Beach Resort**
Goa/Kumarakom-Alleppy/Kovalam-Poovar
**Cruise tours**
STAR cruise : Singapore-Malaysia-Thailand
Royal Cerribian : Mediterranean/Scandinevia
MSC cruise : Northern Europe/Mediterranean
**Pilgrims** CharDham/ Amarnath/Kailas-Mansarovar
Vaishnodevi/Tirupati/Ashta Vinayak
Panch Jyotirlings/Shirdi-Shinganapur
**Booking of International destinations**
SOTC THOMAS COOK COX & KING
STAR TOURS CLUB 7 KESARI
**Avinash Mehta, Mumbai - 09820817318**
**abmtravels@gmail.com**

**Just Click Once...**
**www.barchhi.com**

* For Matrimonial Purpose 'Wed Help' Programme ( Free Registration)
* For e Barchhi - Update News - Blog
* You can place Articles - Photographs - Drawing - Poems. For details & Advts. Pls. Contact M. 97250 76121 only

**ATTENTION FOR E-BARCHHI**
**YOU CAN SUBSCRIBE**
**Rs. 150/- (ANNUAL)**
**THROUGH BANK**
**FOR MORE DETAILS**
**CONTACT M. 09725076121**

## લગ્ન વિષયક – જોઈએ છે કન્યા

વ. ના. સુખી,સંસ્કારી ઉમદા નાના કુટુંબના યુવક **માર્ચ–૧૯૭૬/૬૨ કિ. વજન ઉંચાઈ ૬'.૨"** ચોખ્ખા ગ્રહ (ગ્રહમાં માનતા નથી છતાં મંગાવનારને મોકલાશે) બી.કોમ. એડવાન્સ ડીપ્લોમા ઈન કોમ્પ્યુટર વેબ ડેવલોપરની ડીગ્રી સાથે કોમ્પ્યુટર કંપનીની નોકરીમાં માસિક રૂા. ૩૪ હજારનો પગાર, ઘરનું મકાન ધરાવતા યુવક માટે ગ્રેજ્યુએટ ૫'.૪" ઉં.ની સુડોળ વ. ના. યુવતીના વાલીઓ પાસેથી માત્ર પત્રવ્યવહાર આવકાર્ય છે. સંપૂર્ણ બાયોડેટા બરછી કાર્યાલય, કોટેચાનગર મેઈન રોડ, રાજકોટ–૧ના સરનામે મોકલી આપશો.**(કવર ઉપર 'લગ્ન વિષયક જાહેરાત' ખાસ લખશો)**